# રાજ્યમાં ઈમ્પેક્ટ ફી ભરીને બાંધકામો નિયમિત કરવાની મુદતમાં વધારો

## રાજ્ય સરકાર દ્વારા ચોથી વખત મુદત વધારી દેવાઈ છે

ગાંધીનગર, તા.૧૮ રાજયમાં ગાંધીનગર - અમદાવાદ સહિતની મહાનગરપાલિકાઓમાં બંધાઈ ગયેલા ગેરકાયદેસર બાંધકામોના નિયમિત કરવાની મુદ્દતમાં રાજય સરકાર દ્વારા સતત ચોથી વખત ઈમ્પેક્ટ ફી ભરી બાંધકામને નિયમિત કરવાની મુદ્દતમાં ત્રણ મહિનાનો વધારો કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં હજુ પણ ૨૪,૦૦૦ અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે. આ અંગેની વિગત એવી છે કે, રાજય સરકાર દ્વારા ગુજરાત અર્બન ટાઉન પ્લાનિંગ એક્ટ હેઠળ ૨૮ માર્ચ ૨૦૧૧ના રોજ ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવા અંગે ઈમ્પેક્ટ ફીના વિધેયકને બહાલી આપી હતી. ઈમ્પેક્ટ ફી ભરવાના વિધેયકને બહાલી આપવામાં આવ્યા પછી અત્યાર સુધીમાં ત્રણ વખત તેની મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો હતા. આમ છતાં મહાનગરોમાં મોટી સંખ્યામાં નિકાલ કર્યા વગર બાકી રહેલી અર્ણિણત અરજીઓને ધ્યાનમાં લેતા સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ની મુદ્દતમાં વધુ ત્રણ માસનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં ઈમ્પેક્ટ ફી ભરવા માટે ૨૪૩૧૦૫ જેટલા કુલ ફોર્મ આવ્યા હતા જે પૈકી ૯૭૨૮૧ અરજીઓ દફ્તરે કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં હજુ કેટલી અરજીઓ અનિર્ણત છે તેવા એક પ્રશ્નના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (એસ્ટેટ) દ્વારા હાલની પરિસ્થિતિમાં ૨૪,૦૦૦ અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે.



ગાંધીનગરના સેક્ટર-૨માં આવેલી લીપ ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિક ઉત્સવ આજરોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં પ્લે ગૃપથી ધોરણ-૧ના નાના ભુલકાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા. ભુલકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરીને સર્વને મંત્રમુગ્ધ કરી દીધા હતા.



ગતિશીલ ગુજરાત અને પ્રગતિશીલ પેથાપુરના આંગણે પેથાપુર નગરપાલિકા ચૂંટણી-૨૦૧૬ અન્વયે ગુજરાતી સિનેજગતના અમિતાભ બચ્ચન શ્રી નરેશ કનોડીયા, તા. ૧૭-૨-૨૦૧૬ને બુધવારને દિવસે પેથાપુરમાં કમળને જીતાડવા આવી પહોંચ્યા હતા. પેથાપુર મધ્યસ્થ કાર્યાલયથી તમામ વોર્ડના ઉમેદવાર સાથે રોડ શૉ દ્વારા ઝંઝાવતી પ્રચાર કર્યો હતો. ત્યારબાદ પેથાપુર નગરપાલિકામાં આવેલા વોર્ડ -૬માં દલિત વિસ્તારમાં ઝંઝાવતી પ્રચાર કરી સૌને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા.

## પ્રદેશ ભાજપા દ્વારા મહાનગરોમાં જન સ્વાભિમાન અભિયાન કાર્યક્રમ યોજાયા

આજરોજ પ્રદેશ ભાજપા દ્વારા રાજ્યના મહાનગરોખાતેજવાહરલાલ નહેરૂ વિશ્વ વિદ્યાલય(જેએનયુ)માં રાષ્ટ્ર વિરોધી સુત્રોચ્ચાર અને ગતિવિધિઓના વિરોધમાં અને વાણી સ્વતંત્રતાના નામે દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરતા તત્વોને પ્રોત્સાહન આપનાર રાજકીય પક્ષો-દંભી સેક્યુલર-વાદીઓના વિરોધમાં 'જન સ્વાભિમાન અભિયાન' અંતર્ગત જાહેર સ્થળોએ ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રવક્તા આઈ.કે. જાડેજાએ જણાવ્યુંહતું. રાષ્ટ્રનુંસાર્વભૌમત્વ દરેક નાગરિક માટે અગ્ર ક્રમે હોય તેને બદલે જવાહરલાલ નહેરૂ વિશ્વ વિદ્યાલય ખાતે દેશ વિરોધી નારાઓ-આતંકવાદને સમર્થન આપનારા આંદોલનકારીઓનું કોંગ્રેસ અને સામ્યવાદી પક્ષો સમર્થન કરી રહ્યા છે.

# હાર્દિક પટેલે અન્નનો ત્યાગ કરતા તંત્રમાં ભારે ભાગદોડ

## પાટીદાર સમુદાયને અનામત આપવા ફરી માંગણી કરી

ગાંધીનગર, તા.૧૮ પાટીદાર સમુદાય માટે અનામતની માંગણીને લઈને અગાઉ ગુજરાત સરકારને હચમચાવી મુકનાર અને હાલમાં સુરતની લાજપોર જેલમાં રહેલા પાટીદાર લીડર હાર્દિક પટેલે ફરી એકવાર સરકારની મુશ્કેલી વધારી દીધી છે. પ્રાપ્ત માહિતી મુજબ હાર્દિક પટેલે લાજપોર જેલમાં સવારથી જ અન્નનો ત્યાગ કરી દીધો છે અને પોતાની શ્રેણીબદ્ધ માંગણીઓ ફરી રજૂ કરી દીધી છે.

બીજી બાજુ હાર્દિક પટેલને સમજાવવાના પ્રયાસો પણ શરૂ થયા હોવાના અહેવાલ મળ્યા છે. હાર્દિકે એવી પણ માંગ કરી છે કે જેલમાં રહેલા પાટીદારોને મુક્ત કરવામાં આવે. સાથે સાથે અનામતની માંગ ફરી દોહરાવી છે. સમાધાનના પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે હાર્દિકે સરકારની મુશ્કેલી વધારી છે.

લાજપોર જેલમાં બંધ પાટીદાર આગેવાન હાર્દિક પટેલ આજ સવારથી અન્નનો ત્યાગ કર્યો હતો. આ અંગેની જાણ જેલરને કરી હતી. આ વાતની જેલરે ઉચ્ચ અધિકાર ટીમોને જાણ કરી હતી. જ્યાં હાર્દિક અને સરકાર વચ્ચે સમાધાન થઈ રહ્યા છે. જેલમાં બંધ પાટીદારોને મુક્ત કરવા આમણાત પાટીદારો યુવકો ઉપવાસ કરી રહ્યા છે. જોકે સરકાર તરફ સમાધાન અંગે હકારાત્મક વણવ્યા છે. હાર્દિક પટેલ અને સરકાર વચ્ચે સમાધાન કરવાના અગ્રણીઓ જેરામ પટેલ રશ્મિન હાર્દિક પ્રયત્નો કરી રહ્યા છે. જ્યાં હાર્દિક પટેલે આજ સવાર થી અન્ન જળનો ત્યાગ કર્યો હતો. હાર્દિકે કહ્યું હતું કે, જેલમાં બંધ પાટીદારોને મુક્ત કરો, અને પાટીદારોને અનામત આપો જેને પગલે હાર્દિકે આજ સવારથી અન્નજળનો ત્યાગ કર્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન ડૉ. અરુણ વ્યાસ ગુજરાત યુનિવર્સિટીમાં મેડીસીન વિભાગના સેનેટ સભ્ય તરીકે બિન હરિફ વિજેતા જાહેર થયા છે. ડીન ડૉ. અરુણભાઈ વ્યાસને હોસ્પિટલના તંત્ર અધિકારીઓ તેમજ ડૉક્ટરોએ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

● આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની બે સમિતિઓના ચેરમેનની નિયુક્તિને લઈ પ્રદેશ નિરીક્ષકશ્રી બળદેવ લુણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જો કે કોંગી કાર્યકરોની ગેરહાજરી નોંધનીય રીતે દેખાતી હતી.

● ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલ અને મનપાના સચિવ બંને લાંબી રજા પર જઈ રહ્યા છે તેમના રિપોર્ટ આજે સ્થાયી સમિતએ બહાલ રાખી રજાઓ મંજૂર કરી હતી.

● ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની ચૂટણીમાં આજે સાંજે પાંચ વાગ્યાથી જાહેર ચૂંટણી પ્રચાર શાંત થશે ત્યારે બંને પક્ષના ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં મનપાનું નવું સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો થતાં જ રાજકીય ગણગણાટ શરૂ થઈ ગયો છે.

● ગાંધીનગર મનપાના નવા નિમાયેલા કમિશનરશ્રી ડી.એન. મોદીએ આજે વિધિવત તેમના નવા હોદ્દાનો હવાલો સંભાળી લીધો છે.

## જલારામ સેવા સમાજ દ્વારા યોજાનાર શુભેચ્છા સમારોહ

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીને રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સમાજના ધોરણ-૧૦ બોર્ડ તથા ધોરણ-૧૨ બોર્ડના વિદ્યાર્થીઓને જલારામ બાપાના આશીર્વાદ આપવામાં આવશે. આ શુભેચ્છા સમારોહમાં સમાજના તમામ વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણીએ જણાવ્યું છે.





આજકાલ શહેરમાં સપ્તાહ-કથાનો માહોલ છવાયેલો છે. સેકટર-૩-ડી રામજીમંદિર ખાતે પૂ.સંજયગીરી ગોસ્વામીની વ્યાસપીઠે 'રામાયણ' સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે સેકટર-૨૩ ખાતે પૂ. મુકુંદ મહારાજની વ્યાસપીઠે ભાગવત ગીતા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરના ૨ થી ૫ દરમિયાન ભકતો કથાનો લાભ લઈ રહ્યાં છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગૌમાતાને રાષ્ટ્રીય માતા જાહેર કરવાના આંદોલનમાં જોડાવા હાકલ

ગાંધીનગર, તા. ૧૮ આગામી તા. ૨૮મી ફેબ્રુઆરીએ નવી દિલ્હી ખાતેના રામલીલા મેદાનમાં ગૌમાતાને રાષ્ટ્રીય માતા જાહેર કરવા વિશાળ આંદોલનનું આયોજન કરાયું છે. આ આંદોલન સંતો તથા સાધુ સમાજ અને ગૌ ભક્તો દ્વારા કરાયું છે. જેમાં ગૌભક્ત રાષ્ટ્રીય ક્રાંતિકારી સંત વૈરાગ્યનંદજી મહારાજ તથા સંત વિશ્વાનંદજી મહારાજ અને પૂ. કાળીદાસજી મહારાજ આંદોલનમાં નેતૃત્વ પુરૂ પાડવાના છે. ગાંધીનગર જિલ્લા ગૌ વિજ્ઞાન અનુસંધાનના મહામંત્રી અશ્વિન ત્રિવેદીએ મોટી સંખ્યામાં ગુજરાતમાંથી ગૌભક્તોને રામલીલા મેદાન ખાતે ઉપસ્થિત રહી ગાયને રાષ્ટ્રીય માતા જાહેર કરવાના ઐતિહાસિક આંદોલનનો ભાગ બનવા અપીલ કરી છે.

# સાદરા ખાતે ડીઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના ૫૫ સેવા યોજના એકમના સ્વયંસેવકો દ્વારા નેપાળના લલિતપુર જિલ્લાના લુભુ ગામમાં કરેલી અભૂતપૂર્વ કામગીરીને બિરદાવી હતી. ડિઝાસ્ટર તાલીમના આયોજનમાં



સ્વયંસેવકો માટે મુક્તજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંસ્થા દ્વારા ત્રણ દિવસીય ડિઝાસ્ટર અને રેક્સ્યુ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ પદે મુક્તજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંસ્થાના વડા હિતેશભાઈ પટેલ અને મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના કાર્યકારી સંયોજક પ્રો. જગદીશભાઈ સાવલિયા હાજર રહ્યા હતા.

જેમાં ડિઝાસ્ટર તાલીમના મુખ્ય અધિકારી હિતેશભાઈ પટેલે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિશેની માહિતી વિસ્તૃતમાં આપી હતી. અને નેપાળ ભૂકંપ વખતે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય માર્ગદર્શક અને પ્રેરણા સ્ત્રોતની ભૂમિકા ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ ભજવી હતી. ડિઝાસ્ટર તાલીમમાં ઈન્સ્ટ્રક્ટરની ભુમિકા આનંદ પ્રજાપતિ, ગજેરા પાયલે આપી હતી. તાલીમ દરમ્યાન રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોમાંથી મેહુલ ડોડા, ભરત નાવડિયા અને ચંદન મેતીયાએ ગ્રુપ લીડર તરીકેને જવાબદારી નિભાવી હતી. આ ત્રણ દિવસીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને રેસ્ક્યુ તાલીમનું સંપૂર્ણ આયોજન અને સંચાલન ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજભાઈ સિલાવટ અને ડૉ. ઉદાજી પરમારે કર્યું હતું.

# દર્દી ટીફીન સેવાને એક વર્ષ પૂર્ણ થતા વિષ્ણુયાગ યોજાયો

ગાંધીનગર, તા.૧૮ અમદાવાદની સુપ્રસિધ્ધ કિડની હોસ્પિટલ ખાતે શ્રી રાધે ખાદી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જનસેવા સમિતિ દ્વારા તા. ૨૪-૧-૨૦૧૫ના રોજથી હોસ્પિટલના જરૂરતમંદ દર્દી અને સ્વજનોને મફત સાત્વિક ટીફીન મળી રહે તે માટે ટીફીન સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો જેને એક વર્ષ પૂર્ણ થતા શ્રી રાધે ખાદી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરના સુપ્રસિધ્ધ શ્રી પંચેદવ મંદિર ખાતે શ્રી વિષ્ણુયાગ યજ્ઞ અને ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટના હોદ્દેદારો, સમાજના અગ્રણીઓ, સમાજસેવકો સહિત મંદિરના ભકતજનોની ઉપસ્થિતિમાં શ્રી પંચેદવ મંદિર ગાંધીનગરના પ્રમુખ પ.પૂ.શ્રી ફૂલશંકર શાસ્ત્રીના પ્રમુખપદે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી અમીતભાઈ શેઠ મુખ્ય અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે શાસ્ત્રીજીએ આર્શીવચન પાઠવ્યા હતા અને અમીતભાઈ શેઠે પ્રસંગોચિત વકતવ્યોમાં જણાવ્યું હતું કે આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહેલ આ એક કઠિન ધર્મ કાર્ય છે. જે અવિરત ચાલ્યા જ કરે તેવી સમાજ પ્રત્યે ઉત્કટ ભાવના તેઓએ પ્રગટ કરી હતી.

ટ્રસ્ટના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવે જણાવ્યું હતું કે આ સેવા વધુ વિસ્તૃત કરી અવિરત પણે કિડની હોસ્પિટલના દર્દીઓ અને સ્વજનો સહિત સમાજમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અવિરત ચાલુ રહે તે માટે સમાજના સર્વેના સહયોગની અપેક્ષા પ્રગટ કરી હતી.



